Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-17 ■ તા. 19-04-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

રાજ્યમાં એક જ દિવસમાં ૭ના મોત, નવા ૧૭૬ કેસ, ૧૪૩ એકલા અમદાવાદમાં

રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દી ઓની સંખ્યા ૧૨૭૨ થઇ

રાજ્યમાં કોરોનાના ૧૦૯૯ પોઝિટિવ કેસ, ૪૧ મોત અને ૮૬ ડિસ્ચાર્જ

ગાંધીનગર,તા.૧૮

ગુજરાતમાં સરકારની અપેક્ષા અને જાહેરાત મુજબ કોરોના વાઇરસ મહામારીના કેસો સતત વધી રહ્યાં છે. આજે એક જ દિવસમાં અત્યારસુધી હાઇએસ્ટ કહી શકાય એવા ૧૭૬ પોઝીટીવ કેસો બહાર આવ્યાં છે. સરકારનું માનવુ છે કે સ્થાનિક સ્તરે કોરોનાના કેસો શોધી કાઢવા સર્વેલન્સ અને ટેસ્ટીંગની માત્રા વધારવામાં આવી હોવાથી કેસો વધી રહ્યાં છે. જે કેસો વધારે બહાર આવી રહ્યાં છે તે મુખ્યત્વે કોરોના હોટસ્પોટ વિસ્તારોમાંથી બહાર આવી રહ્યાં છે.

રાજયના આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોનાના નવા ૧૭૬ કેસ નોંધાયા છે. જેમાં ૧૪૩ કેસ એકલા અમદાવાદમાં નોંધાયા છે. આ મોટાભાગના કેસ હોટસ્પોટ વિસ્તારમાં નોંધાયા છે. રાજ્યમાં અત્યારસુધીમાં ૧૨૭૨ પોઝિટિવ કેસ થયા છે. તેમજ રાજ્યમાં વધુ સાત લોકોના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૮ થયો હોવાનું આરોગ્ય અગ્ર સચિવે જણાવ્યું હતું. ગુજરાતના ૩૩માંથી ૮ જિલ્લા એવા પણ છે કે જ્યાં અત્યાર સુધીમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. એટલે કે કેસ વધ્યા જરૂર છે પણ કોરોનાને મર્યાદિત વિસ્તારમાં રોકી પણ લેવાયો છે. ગુજરાતમાં કોરોના ફેલાવાની ઝડપ પણ ઘણી વધારે છે. રાજ્યમાં પહેલો કેસ ૧૯ માર્ચે નોંધાયો હતો અને ૧૮ એપ્રિલ સુધીમાં ૧૨૭૨ કેસ નોંધાઇ ચૂક્યા છે. આમ, સરકારે આપેલા આંકડા પર નજર કરીએ તો, માત્ર ૨૪ કલાકમાં ગુજરાતનાં નવા ૨૫૪ કેસોનો ઉમેરો થયો છે. જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો કહી શકાય.

૨૪ હજાર રેપિડ ટેસ્ટ કિટ દિલ્હીથી અમદાવાદ પહોંચી ગઇ હોવાનું જણાવીને તેમણે કહ્યું કે, ભારત સરકાર તરફથી ગુજરાતને ૨૪,૦૦૦ કોવિડ-૧૯ રેપિડ ટેસ્ટિંગ કિટનો પ્રથમ જથ્થો શુક્રવારે મળ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની ગાઈડલાઈન મુજબ કન્ટેઈનમેન્ટ ઝોન, હાઈ-રિસ્ક ઝોન અને અન્ય વિસ્તારોમાં ઝડપથી અને મોટા પાયે કોરોના સ્ક્રીનિંગ કરવામાં ખૂબ ઉપયોગી નીવડશે. રેપિડ ટેસ્ટીંગ કિટનો અન્ય જથ્થો ગુજરાત સરકારને આગામી ૨-૩ દિવસમાં પ્રાપ્ત થશે. આ રેપિડ ટેસ્ટીંગ કિટ દ્વારા પરિક્ષણમાં જે દર્દીઓ કોરોના પોઝિટીવ જણાય તેમનું ફરીવાર રેગ્યુલર આરટીપીસીઆર ટેસ્ટ દ્વારા પણ પરિક્ષણ કરવામાં આવશે તેમ આરોગ્ય સચિવ જયંતિ રવિ એ જણાવ્યું હતું. આ કિટને કારણે ખૂબ ઝડપથી મોટી સંખ્યામાં કોરોના સંભવિત લોકોનું પરિક્ષણ કરી શકાશે. જે આ મહામારી પર ઝડપથી નિયંત્રણ મેળવવામાં અત્યંત ઉપયોગી બની રહેશે. જોકે આ કિટના ઉપયોગ અંગે હજુ આરોગ્ય કર્મીઓને તાલીમ આપવાની હોઇ તેનો ઉપયોગ શરૂ કરવામાં એકાદ બે દિવસ લાગશે. રાજ્યમાં કોરોના દર્દીઓની સ્થિતિ વિશે વાત કરીએ તો ૭ દર્દીઓ વેન્ટીલેન્ટર પર છે, જ્યારે ૧૧૨૯ દર્દીઓ સ્ટેબલ છે. ૮૮ લોકોને ડીસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૪૮ લોકોના મોત થયા છે. લેબોરેટરી પરિક્ષણની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૨૮૦૨ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. તેમાંથી ૨૫૧ લોકોના રિપોર્ટ પોઝિટીવ આવ્યા છે. જ્યારે ૨૫૫૧ લોકોના રિપોર્ટ નેગેટિવ છે. તે સાથે અત્યાર સુધીના કુલ ૨૪૬૧૪ લોકોના ટેસ્ટ થયા છે. તેમાંથી ૧૨૭૨ લોકોના પોઝિટીવ અને ૨૪૩૪૨ લોકોને નેગેટીવ રિપોર્ટ આવ્યો છે. અમદાવાદમાં કોરોનાગ્રસ્ત વિસ્તારોમાં ગોમતીપુર, વેજલપુર, રામદેવનગર, દાણીલીમડા, ખાનપુર, દરિયાપુર, ખાડિયા, જૂનાવાડજ, જમાલપુર, અસારવા, કાંકરિયા, બહેરામપુરા અને બોડકદેવનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કોરોના નવા કેસોમાં રાફડો ફાટ્યો હોય તેમ. ગઈકાલ સાંજથી ૨૪ કલાકમાં ગુજરાતમાં ૧૭૬ નવા કેસ આવ્યા છે. આ સાથે જ ગુજરાતમાં કુલ કેસ ૧૨૭૫ પર પહોંચી ગયા છે. તો ૭ના મોત થયા છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૮ થયો છે. તો અમદાવાદમાં ૧૪૩ કેસ થયા છે. મોટાભાગના નવા કેસ હોટસ્પોટ વિસ્તારના છે. આમ, જોઈએ તો છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં ૨૫૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. ગુજરાતના ૩૩માંથી ૮ જિલ્લા એવા પણ છે કે જ્યાં અત્યાર સુધીમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

લોકડાઉનમાં લોકોની બેદરકારીથી કોરોનાને લઈ ગુજરાત માટે ચિંતાજનક બાબત

રૂપાણી સરકાર ૬૬ લાખ પરિવારોને ૧ હજારની મદદ કરશે

રેશનિંગના બદલામાં રોકડ સહાય આપવાનો નિર્ણયઃ સોમવારથી તેમના બેન્ક ખાતામાં જમા થશે, આ નિર્ણયથી સરકાર પર ૬૬૦ કરોડનું ભારણ પડશે, અત્યાર સુધી ૬૦ લાખ પૈકી ૪૫ લાખ લાભાર્થીઓએ રાશન મેળવ્યું



ગાંધીનગર,તા.૧૮

ગુજરાત રાજ્ય વર્તમાન મહામારી કોરોના સંકટમાંથી પસાર થઇ રહ્યું છે. લોકડાઉનો સમય પણ વધુ ૧૯ દિવસ લંબાવી દેવાયો છે. લોકડાઉનને કારણે લોકોના સામાજિક અને આર્થિક બાબતો પર અસર થઇ રહી છે. ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગને રાહત મળે તે માટે સરકારે વિચારવિમર્શ બાદ એવો નિર્ણય કર્યો છે કે જે પરિવારોને રેશન મળ્યું નથી તેમને એક હજારની રોકડ સહાય આપવી. આવા ૬૬ લાખ પરિવારોને ઓળખી કાઢવામાં આવ્યાં છે. સરકાર પાસે તેમના બેંકના ખાતા નંબર વગેરેની માહિતી ઉપલબ્ધ હોવાથી સોમવારે તેમના ખાતામાં એક હજાર રૂપિયા જમા થઇ જશે.

સૂત્રોએ કહ્યું કે, એક રીતે જોતા રાજ્યના ૬૬ લાખ પરિવારોને આ એક હજારની રોકડ સહાય આશિર્વાદરૂપ નિવડી શકે તેમ છે. જે કે આ એક હજાર માટે તેમણે બેંકમાં જવુ પડશે. અને આમ પણ ૨૦ એપ્રિલથી લોકડાઉનમાં શરતી છૂટછાટો મળવાની છે ત્યારે આ ૬૬ લાખ પરિવારોને સહાય મેળવવામાં કોઇ મુશ્કેલી નહીં પડે એમ સરકારનું માનવુ હતું. સરકારના આ નિર્ણયને એક મહત્વનું માનવામાં આવી રહ્યું છે. સૂત્રોએ કહ્યું લોકડાઉનમાં એવા અસંખ્ય પરિવારો છે કે જેઓ આર્થિક સંકડામણ કે મુશ્કેલી અનુભવી રહ્યાં છે. તેમના માટે રોજનું કરિયાણુ અને એક એક રૂપિયો મહત્વનો બની ગયો છે. વિશેષ કરીને રોજ મહેનત કરીને રોજનું કમાવીને ખાનાર વર્ગની હાલત કફોડી બની ગઇ છે. લોકોને એમ હતું કે ૧૪ એપ્રિલે લોકડાઉન ઉઠાવી લેવામાં આવશે. પરંતુ તેના બદલે વધુ ૧૯ દિવસ લંબાવતા આ વર્ગની મુશ્કેલી દૂર કરવા સરકારે તેમના ખાતામાં એક હજાર રોકડા જમા કરીને રાહત આપવાનો નિર્ણય કર્યો છે.

દરમ્યાન, સત્તાવાર રીતે જણાવાયા મુજબ, આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મહત્વનો નિર્ણય લીધો છે. બે દિવસ બાદ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા હેઠળ આવતા ૬૬ લાખ કુટુંબોના ખાતામાં ૧૦૦૦ રૂપિયા જમા કરાવવાની શરૂઆત કરાશે. એપ્રિલ મહિના માટે વધુ ૧ હજાર રૂપિયાની સહાયની જાહેરાત પહેલા કરી હતી, જે સોમવારથી મળવાની શરૂ થઈ જશે. રાજ્ય સરકાર પર આ નિર્ણયથી ૬૬૦ કરોડનું ભારણ આવશે. પરંતુ ૬૬ લાખ પરિવારોને લોકડાઉનની વચ્ચે રાહત મળશે

અનાજ વિતરણ અંગે તેઓએ કહ્યું કે, ગુજરાતમાં પ્રથમ વખત ૬૦ લાખ APL કાર્ડધારકોને ૧૩ એપ્રિલથી ઘઉં, ચોખા, ખાંડ, દાળ આપવાની શરૂઆત થઈ હતી. અત્યાર સુધી ૬૦ લાખ પૈકી ૪૫ લાખ લાભાર્થીઓએ રાશન લીધું છે. આ પ્રક્રિયા હજુ પણ ચાલુ જ રહેશે. અગાઉ ૧૩ થી ૧૭ એપ્રિલ સુધીની જાહેરાત કરી હતી. જેમાં અનેક લોકોએ પોતાનો હક્ક જતો કર્યો છે. હજુ જે પણ બાકી રહી ગયું હશે તેને અનાજ આપવાની કામગીરી ચાલુ રહેશે. અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને રાજકોટના ઓઇલ મિલરો સાથે સરકારે વીડિયો કોન્ફરન્સ કરી હતી. માંગ પ્રમાણે પુરવઠો જળવાઈ રહે અને ભાવ ન વધે તે માટે ચર્ચા કરી હતી. નાફેડના અધિકારીઓ પણ કોન્ફરન્સમાં જોડાયા હતા. આવનારા દિવસોમા સીંગતેલનો પુરવઠો જળવાઈ રહેશે અને ભાવ પણ જળવાશે. આજ સુધીમાં કુલ ૬૩ માર્કેટયાર્ડ શરૂ થઈ ચૂક્યા છે. જેમાં ૩૮૮૭૩ ક્વિન્ટલ પાકનું વેચાણ થયું છે. રાજ્ય સરકારના ઝડપી નિર્ણયના કારણે જ અન્ન ઉત્પાદન માર્કેટ સુધી પહોંચ્યું છે.

વિશ્વભરમાં મહામારી કોરોનાના ૨૨.૫૧ લાખ કેસ, ૧.૫૪ લાખ લોકોએ જીવ ગુમાવ્યો..!

ન્યૂયોર્ક,તા.૧૮

વિશ્વભરમાં ફેલાઇ ચૂકેલા મહામારી કોરોના વાઇરસના ૨૨.૫૧ લાખ કેસ નોંધાય ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૫૪ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે નોંધનીય રીતે ૫.૭૨ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. અમેરિકામાં પોઝિટિવ કેસની સંખ્યા સાત લાખને પાર કરીને ૭.૧૦ લાખ થઈ ગઈ છે. જ્યારે અહીં ૩૭ હજાર ૧૫૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. ન્યૂયોર્ક રાજ્યમાં ફેસ માસ્ક પહેરવું ફરજીયાત થઈ ગયું છે. અમેરિકામાં શુક્રવારે ૨૫૩૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૩૨ હજાર ૧૬૫ નવા કેસ નોંધાયા છે. દેશમાં કુલ ૩૭ હજાર ૧૫૪ લોકોના મોત થયા છે. અહીં પોઝિટિવ કેસની સંખ્યા ૭.૧૦ લાખ છે. ટ્રમ્પે કહ્યું દેશમાં આઠ કરોડ લોકોને રાહતની રકમ મળી ચૂકી છે. ખેડૂતને ૧૯ બિલિયન ડોલર (૧૪૫૪ અબજ રૂપિયા)ની સહાય અપાશે. તેમણે કહ્યું કે ખેડૂતોને ૧૬ બિલિયન ડોલરની સીધી ચૂંકવણઈ કરાશે અને ત્રણ બિલિયન ડોલરનો ઉપયોગ ભોજન વિતરણમાં કરાશે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વિટ કરી કહ્યું કે ચીને અચાનક અજ્ઞાત શત્રુથી થનાર મોતના આંકડા વધારે ડબલ કરી દીધા છે. વાસ્તવામાં તે ઘણા વધારે છે. અમેરિકામાં થઈ રહેલા મોત કરતા પણ વધારે. ચીનના વુહાનમાં મોતના આંકડાને સુધારવામાં આવ્યો ત્યારે તેમનું આ નિવેદન આવ્યું છે. તમામ દેશ વન્યજીવોના માંસના વેપાર ઉપર કડક પ્રતિબંધ લગાવે એમ વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમુખ ટ્રોસ એડહોનમ ગેબ્રિસિએસે કહ્યું કે મહામારીના કારણે તમામ દેશે વન્યજીવોના માંસના વેપાર ઉપર કડક પ્રતિબંધ લવાવવા જોઈએ. આ બજારમાં મોટાભાગની જગ્યાએ સ્વસ્થતાનો અભાવ હોય છે. તેમણે કહ્યું કે માંસ બજાર ત્યારે જ ખોલવા જોઈએ, જ્યારે અહીં સમગ્ર રીતે ફૂડ સેફ્ટી અને સ્વચ્છતા સુનિશ્ચિત થાય. ૭૦ ટકા નવા વાઈરસ પશુઓમાંથી આવ્યા છે. અમે પશુઓમાંથી વ્યક્તિમાં સંક્રમણ ન ફેલાય તે દિશામાં કામ કરી રહ્યા છીએ.

સ્પેનમાં મૃત્યુઆંક ૨૦ હજારને પાર થઈ ગયો છે. અહીં પોઝિટિવ કેસની સંખ્યા ૧.૯૧ લાખ છે. ઈટાલીમાં ૧.૭૨ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે અને અહીં ૨૨ હજાર ૭૪૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. બેલ્જિયમમાં પણ ઝડપથી મૃત્યુઆંક વધી રહ્યો છે. અહીં ૩૬ હજાર ૧૩૮ કુલ કેસ નોંધાયા છે અને ૫૧૬૩ લોકોએ જીવ ગુમાવ્યો છે. દક્ષિણ કોરિયામાં કુલ પોઝિટિવ કેસ ૧૦ હજાર ૬૫૩ કેસ નોંધાયા છે અને ૨૩૨ લોકોએ જીવ ગુમાવ્યો છે.

રશિયાની રાજધાની મોસ્કોમાં મહામારીથી ૨ કલાકમાં ૨૧ લોકોના મોત થવાથી અહીં મૃત્યુઆંક ૧૪૮એ પહોંચી ગયો છે. રાષ્ટ્રપતિ પુતિને મહામારીની સારવાર માટે દવા આપવા બદલ ભારતનો આભાર માન્યો છે. રશિયામાં અત્યાર સુધીમાં ૩૨ હજાર કેસ અને ૨૭૩ મૃત્યુઆંક થયો છે

યુરોપના બે દેશોએ સમયસર પગલા ભરીને કોરોના સામે મેળવી જીત

જર્મની અને ઓસ્ટ્રેયા પાસેથી દુનિયાએ શિખવું જોઇએ- કેવી રીતે કોરોનાના ખતરાને સમજ્યા, તૈયારી કરી અને ફેલાવો અટકાવ્યો જર્મનીએ પહેલેથી જ ટેસ્ટ કીટ સમગ્ર દેશમાં પહોંચાડી દીધી હતી

બર્લિન,તા.૧૮

માર્ચના બીજા સપ્તાહમાં યુરોપ કોરોનાનું નવું કેન્દ્ર બની રહ્યું હતું. ચીનના બદલે વિશ્વનું ધ્યાન યુરોપ ઉપર કેન્દ્રીત થઈ ગયું હતું. જોત જોતામાં ઈટાલી, સ્પેન, ફ્રાન્સ અને બ્રિટન ઝડપપથી તેના ભરડામાં આવી ગયા. ત્યારે જર્મન ચાન્સલર એન્જેલા મર્કલનું નિવેદન આવ્યું જેણે દેશના લોકોને આશ્ચર્યમાં મૂકી દીધા. તેમણે કહ્યું કે જર્મનીની ૭૦ ટકા વસ્તી સંક્રમિત થઈ શકે છે.

મર્કલે પોતાની જાતને ક્વોરન્ટિન કરી, ત્યારે લાગતું હતું કે જર્મનીમાં પણ ઈટાલી અને સ્પેન જેવી સ્થિતિ થઈ શકે છે. એક મહિનામાં ઈટાલી, સ્પેન, ફ્રાન્સ અને બ્રિટનમાં એક દિવસમાં અનેક લોકોના મોત થઈ રહ્યા છે. જર્મની યુરોપિયન દેશમાં સારી સ્થિતિમાં છે. દેશમાં ૧ લાખ ૪૧ હજાર ૩૯૭ પોઝિટિવ કેસ અને ૪,૩૫૨ લોકોને જીવ ગુમાવ્યા છે.

વાસ્તવમાં જર્મનીએ જાન્યુઆરીની શરૂઆતમાં જ ટેસ્ટ કિટ બનાવી લીધી હતી. પ્રથમ કેસ અહીં ફેબ્રુઆરીમાં નોંધાયો હતો. આ પહેલા સમગ્ર દેશમાં ટેસ્ટ કિટ પહોંચાડી દેવાઈ હતી. આના પરીણામ સ્વરૂપ દ.કોરિયાની જેમ ન માત્ર વધારે ટેસ્ટિંગ જ થઈ પરંતુ આ આધારે લોકોને હોસ્પિટલમાં દાખલ પણ કરાયા. ઘણા શહેરમાં ટેસ્ટિંગ ટેક્સિ પણ ચલાવવામાં આવી, જે લોકડાઉનમાં ઘર-ઘર જઈને ટેસ્ટ કરતી રહી. તેનાથી સમયસર ઈલાજ શક્ય બન્યો હતો. ઓસ્ટ્રિયાની રાજધાની વિએના ઈમરજન્સી માટે બનાવવામાં આવેલી હોસ્પિટલો ખાલી છે. ઓસ્ટ્રિયાની રાજધાની વિએનાની નવી હોસ્પિટલોમાં પાર્કિંગ વિસ્તાર સુમસાન છે. કાંચની દીવાલોમાં અમુક મેડીકલ સ્ટાફ જોવા મળી રહ્યા છે. હાલ અહીં મુલાકાતીઓને આવવાની છૂટ નથી. ઈટાલી અને સ્પેનની જેમ અહીં હોસ્પિટલો કોરોનાના દર્દીઓના ભારણમાં રહી નથી. સ્થિતિ નિયંત્રણમાં છે. દેશમાં એક હજાર દર્દીઓની સારવાર ચાલી રહી છે. જેમાંથી ૨૫૦ આઈસીયુમાં દાખલ છે. ઉતાવળમાં બનાવવામાં આવેલ અનેક બેડવાળી હોસ્પિટલો પણ ખાલી છે. સ્થિતિ કાબૂમાં હોવાનું સૌથી મોટું કારણ લોકડાઉન છે એમ કહીને દેશના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે ૨૪ કલાકમાં આવનાર કેસ ૧૨૨ સુધી ઘટી ગયા છે. જ્યારે ૨૬ માર્ચે કુલ કેસ ૯૬૬ હતા. સ્થિતિ નિયંત્રણમાં હોવાનું સૌથી મોટું કારણ લોકડાઉન છે.

લોકડાઉનઃ તેલંગાણામાં આર્થિક સહાય મેળવવા બેંકમાં ગયેલી મહિલાનું થયું મોત

હૈદરાબાદ,તા.૧૮

રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૧,૫૦૦ની આર્થિક સહાય મેળવવા શુક્રવારે તેલંગાણામાં એક બેંક સમક્ષ કતારમાં રાહ જોતા એક મહિલાનું મોત થયું છે.

આ ઘટના કામરેડ્ડી જિલ્લાના રામારેડ્ડી 'મંડલ' (બ્લોક) ના મુખ્ય મથકની છે.

જ્યાં તેલંગણા ગ્રામીણા બેંકમાં કતારમાં ઉભા રહેલી મહિલા અચાનક ઢળી પડી હતી. તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પરંતુ માર્ગમાં તેનું મોત થયું હતું. આ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આદિવાસી મહિલાનું મૃત્યુ હૃદય હુમલાના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું.

કોંગ્રેસના નેતા અને પૂર્વ મંત્રી મોહમ્મદ અલી શબ્બીરે મહિલાની મોત માટે રાજ્ય સરકારને જવાબદાર ગણાવી હતી. તેણે કહ્યું કે, પીડિતા છેલ્લા બે દિવસથી પૈસા માટે બેંકમાં આવી રહી હતી અને સળગતા તડકા હેઠળ કલાકો સુધી ઉભી હતી. તેમણે કામરેડ્ડી સરકારી હોસ્પિટલની મુલાકાત લીધી હતી, જયાં મૃતદેહને શબપરીક્ષણ માટે લેવામાં આવ્યો હતો.

પરિવારના સભ્યોને સાંત્વના આપી હતી અને કેટલીક આર્થિક મદદ પણ કરી હતી.

તેમણે માગણી કરી છે કે, સરકાર પીડિત પરિવારને વળતર ચૂકવે. લોકડાઉન હોવા છતાં મોટી સંખ્યામાં લાભાર્થીઓ પૈસા ઉપાડવા માટે રાજયભરની બેંકો પર કતારોમાં ઉભા છે. સામાજિક અંતરના ધોરણ પણ જાળવવામાં આવતા નથી, જેના કારણે બેંકના અધિકારીઓ ચિંતામાં જોવા મળ્યા હતા. આરોગ્ય પ્રધાન ઈટાલા રાજેન્ડેરે ગુરુવારે લોકોને અપીલ કરી હતી કે, તેઓ પૈસા ઉપાડવા માટે આપેલી તારીખ અને સમય પર બેંકની મુલાકાત લે.

કોરોના વાઈરસની અસર લાંબા સમય સુધી રહેશે; સામાજિક સર્વે બાદ નિષ્ણાતોનો મત

બિઝનેસ ડૂબવા, નોકરી જવી, બેઘર થવાના ડરથી લોકોમાં માનસિક તણાવ વધ્યું

લંડન,તા.૧૮

કોરોના વાઈરસથી દુનિયાભરમાં ભય અને ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. નિષ્ણાતોએ ચેતવણી ઉચ્ચારી છે કે આ ત્રાસદાયક ઘટનાને કારણે સમગ્ર દુનિયાએ ખરાબ માસિક સ્વાસ્થ્યનો સામનો કરવો પડી રહ્યો છે અને લાંબા સમય સુધી તેની અસર જોવા મળશે. માનસિક વિકાર સંબંધિત ન્યૂરોસાયન્ટિસ્ટ, મનોચિકિત્સક અને મનોવિજ્ઞાનીઓનું કહેવું છે કે લોકોની માનસિક સ્થિતિ પર કોઈ અસર ન થાય તે માટે તમામ દેશોએ લક્ષણ આધારિત સારવાર અને રિસર્ચને પ્રોત્સાહન આપવાનું કામ તાત્કાલિક શરૂ કરી દેવું જોઈએ. સાથે જ આવા મામલા પર દુનિયાભરમાં એકસાથે નિરીક્ષણ કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. ગ્લાસગો યુનિવર્સિટીના પ્રોફેસર રોરી ઓકોનરે કહ્યું કે દારૂના નશાની ટેવ, જુગાર, સાઈબર બુલિંગ, સંબંધો તૂટવા, બેઘર થવાના કારણે ચિંતા અને ડિપ્રેશનથી અસામાન્ય વર્તન કરનારાની અવગણનાથી આગળની સમસ્યા હજુ વધશે. સંકટના આ સમયે લોકોની આવી સમસ્યાઓની અવગણના કરવાથી ન ફક્ત તેમનું જીવન, સમાજ પણ પ્રભાવિત થશે. એવા લોકો પર નજર રાખવાની જરૂર છે જે ગંભીર રીતે ડિપ્રેશનમાં છે, કાં તે આત્મઘાતી પગલાં ભરવા વિચારે છે. તેમના પર મોબાઈલ ફોન જેવી નવી ટેક્નોલોજીના માધ્યમથી નજર રાખવાની જરૂર છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રો. એડ બુલમોરે કહ્યું કે આપણે ડિજિટલ સંસાધનોનો ઉપયોગ કરવો જોઈએ. લોકોના માનસિક સ્વાસ્થ્યને ચકાસવા માટે સ્માર્ટ રીત શોધવી પડશે, ત્યારે જ આ પડકારનો સામનો કરી શકાશે. ખરેખર બ્રિટનમાં લેન્સેટ સાઈકિટ્રીએ માર્ચના અંત સુધીમાં ૧૦૯૯ લોકોનો સરવે કર્યો હતો.

તેમાં જાણ થઈ કે લૉકડાઉન અને આઈસોલેશનમાં રહેવાના કારણે લોકોમાં બિઝનેસ ડૂબી જવા, નોકરી જવા અને બેઘર થવાનો ભય પેદા થઈ ગયો છે. ઈન્ડિયન સાઈક્યાટ્રિક સોસાયટીના સરવે મુજબ કોરોના વાઈરસના આવ્યા પછી દેશમાં માનસિક રોગોથી પીડાતા દર્દીઓની સંખ્યા ૧૫થી ૨૦ ટકા વધી ગઈ છે. દુનિયાભરમાં તમામ સ્વાસ્થ્યકર્મીઓમાં ફક્ત ૧ ટકા હેલ્થ વર્કર્સ જ મેન્ટલ હેલ્થની સારવાર સાથે સંકળાયેલા છે. ભારતમાં તેનો આંકડો ખૂબ જ ઓછો છે.

તંત્રી લેખ

દેશમાં કોરોના બાબતે વિવિધ સંશોધનોને મંજૂરી ક્યારે અપાશે.....?

કોરોના વાયરસે વિશ્વની મહાસત્તાઓ સહિતના દેશોને ઘમરોળી નાખ્યા છે.. તેમાં કોઈપણ દેશના અર્થતંત્રને જોડતા રસ્તાઓ- સંસ્થાનો બાકી નથી રાખ્યા. દુનિયાભરમાં ૨૨ લાખ ઉપરાંત લોકોને પોતાની ચપેટમાં લઈ લીધા છે તો દોઢ લાખ ઉપરાંત લોકોને મોતના મુખમાં હોમી દીધા છે. વિશ્વના દેશોમા કોરોના મારક દવા-રસુ શોધવામાં વૈજ્ઞાનિકો પણ ગોથા ખાઈ રહ્યા છે....! તે સિથે કોરોના ભોગ બનેલા દેશોમાં માસ્ક,વેન્ટીલેટર,રેપીડ કીટ,પીપીઈ સહિતની મોટી અછત છે... ત્યારે ચીન કે જ્યાંથી કોરોના વાયરસ પેદા થયો તે મોતના આંકડા છુપાવી રહ્યો છે, ત્યારે ડોઢેક કરોડ ફોન રિસીવ નથી થતા અને મોતનો આંકડો માત્ર ચાર હજાર બતાવે છે... તે ચીને પોતાના અર્થતંત્રને દોડતું કરી દીધું છે.... તે સાથે વિશ્વના દેશોને માસ્ક રેપિડ કીટ,પીપીઈ સહિતનો જરૂરી મિડીકલ માલ-સામાન સપ્લાય કરવા માંડ્યો છે. અને આજે પણ કોરોના વાયરસ કાબુમાં કઈ રીતે લીધો તે બતાવતું નથી..... પરિણામે અમેરિકા સહિતના દેશો તેને નફરત કરવા લાગ્યા છે બાકી હતું તો રશિયામાં પણ ૩૨ હજાર લોકો કોરોના ગ્રસ્ત થતા ચીન વિરૂધ્ધ વધુ આકોશ પેદા થઈ રહ્યો છે.... છતાં ચીન સાથેના વ્યાપાર સંબંધો યથાવત રાખવા દરેક દેશોને ફરજ પડી છે... ત્યારે વિશ્વભરના લોકો માટે કેરલ રાજ્ય મહત્વનું રાજ્ય બની ગયું છે. અહીની એક મેડીકલ ઈન્સ્ટીટયુટે કોરોના વાયરસ તપાસ માટેની દેશી ટેસ્ટ કીટ તૈયાર કરી છે તો ત્યાની સરકારે જે પ્રકારે પગલા લીધા અને તેમા લોકોનો સો ટકા સહયોગ મળ્યો તેને કારણે કોરોના આગળ વધી શક્યો નથી.... તો અમેરિકી ડોક્ટર ટીમે કોરોના દર્દીઓને રોગનો સામનો કરતી દવા ×રેસ ડીસિવિર× નો અનેક દર્દીઓ પર ઉપયોગ કરતા એક જ અઠવાડિયામાં દર્દીઓ સાજા થઈ જાય છે. તેવા અહેવાલ અમેરિકાની સ્વાસ્થ્ય સાથે જોડાયેલ એક વેબ પર ડોક્ટર પોતાના સહયોગી ડોક્ટરોને દવા બાબતે માહિતી આપતા હોવાનું બહાર આવ્યું છે. જ્યારે ગુજરાત રાજ્યના વૈજ્ઞાનિકોએ કોરોના વાયરસનુ અંશ સૂત્ર શોધી કાઢતા હવેના સમયમા કોરોના મારક દવા કે રસી શોધતા વાર નહી લાગે....! એક સમયે વડાપ્રધાન મોદીજીએ કહ્યું કે રાજસ્થાનના ભુલવાડા મોડેલનો અમલ કરો તે ભીલવાડાની હોસ્પિટલોમાં એક પણ કોરોનાગ્રસ્ત કેસ નોંધાયો નથી.... ત્યારે એક વાત નિશ્ચિત છે કે હવેના સમયમાં કોરોના વાયરસને નાથવાનુ સરળ બની રહેશે....! ભારતમાં તજજ્ઞો દ્વારા શંકા વ્યક્ત થયેલ તે રીતે કોરોના વાયલસ ઝડપી ગતિએ આગળ વધવા લાગ્યો છે. કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૫ હજારના આંકને આંબવા તરફ આગળ વધી રહી છે, જ્યારે મૃતાક પણ ૫૦૦ તરફ દોડવા લાગ્યો છે. તે સાથે લોકડાઉનને કારણે સરકારની વિવિધ સહાય છતાં લાખો લોકો ખાવાનું મેળવવા તડપી રહ્યા છે....! ત્યારે કેરલ રાજ્યનો બોધપાઠ લેવાની દરેક રાજ્યોને માટે જરૂરી છે. કેરળ એક એવુ રાજ્ય છે કે ત્યાંની સરકારે પ્રથમ કેસ મળી આવતા જ યુદ્ધના ધોરણે પગલાં લીધા છે. જેમાં દરેક પરિવારના ઘરે અનાજ સહિતની જીવનજરૂરી વસ્તુઓ પહોંચાડી દેવામા આવી હતી... તો દરેક વિસ્તારોને સેનેટાઈઝ કરવા સાથે લોકોને ચેતવણી આપીને ૬ઈઠાઈઠ સહિતના તમામ પગલા લેવામા આવ્યા તેમા લોકોનો સો ટકા સહયોગ મળી ગયો. જેમાં વિદેશથી આવનારા તમામ લોકોની મેડિકલ તપાસ હાથ ધરવામાં આવી હતી, તો પર પ્રાંતીઓ પૈકી કોઈએ પણ કેરળ છોડ્યું નથી... ત્યારે કરળની તિરુવનંતપુરમ ખાતે આવેલ એક મેડિકલ ઈન્સ્ટીટયુટમાં ડૉક્ટર અનુપ અને તેમની ટીમે કોરોના વાયરસની પરખ માટે એક ખાસ દેશી કીટ બનાવી જે ૧૦ મિનિટમાં નક્કી કરે છે કે વ્યક્તિને કોરોના છે કે નહીં અને સંપૂર્ણ ટેસ્ટ બે કલાકની અંદરમાં મળી જાય છે.

આ કિટની મંજૂરી માંગવામાં આવી છે મંજૂરી મળી જતા લાયસન્સ મેળવી ઉત્પાદન શરૂ કરવામાં આવશે. આ દેશી કીટ માત્ર રૂપિયા ૧૦૦૦ થી ઓછા માટે તૈયાર થાય છે. તો તેની સાથેનુ જે મશીન ઉપયોગમાં લેવાય છે તે એક સાથે ૩૦ સેમ્પલની તપાસ કરે છે. હવે લોકોએ મંજૂરી અને ઉત્પાદનની રાહ જોવી રહી..... વડાપ્રધાન મોદીજી દેશભરમાંની કોરોના બાબતેની તમામ ઘટનાઓ તરફ સતત ધ્યાન આપી રહ્યા છે. ત્યારે કીટ બાબતે વિશેષ ધ્યાન આપશે તે નિશ્ચિત છે....!

યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટીના સંશોધન મુજબ

મોટી આફત: ભારતમાં નવા ૧૦ કરોડ ગરીબો વધશે...!!

આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ ૭.૬ કરોડ લોકો ખૂબ ગરીબ બનશે,દેશની કુલ વસ્તીમાં ગરીબની સંખ્યા વધીને ૬૮% ટકા જશે,આવક અને વપરાશમાં ૨૦%નો ઘટાડો થશે

યુએન,તા.૧૮

કોરોના વાયરસ અટકાવવા માટે દેશભરમાં લોકડાઉન ચાલુ છે. આ લોકડાઉનની આર્થિક અસરને ઘટાડવા માટે સરકાર તમામ શક્ય પગલાં લઈ રહી છે, પરંતુ આ લોકડાઉન કરોડો લોકોને ભારે પડશે. યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી (UNU)ના એક સંશોધન મુજબ, જો કોરોના તેની ખરાબ સ્થિતિમાં પહોંચે છે, તો ભારતમાં ૧૦૪ મિલિયન અથવા ૧૦.૪ કરોડ નવા ગરીબોનો જન્મ થશે. UNUએ આ સંશોધન ગરીબી રેખાથી નીચેના લોકો માટે વિશ્વ બેંક દ્વારા નિર્ધારિત આવક ધોરણો અનુસાર કર્યું છે.

UNUના સંશોધન મુજબ, વર્લ્ડ બેંકના આવક ધોરણો અનુસાર, લગભગ ૮૧.૨ કરોડ લોકો ભારતમાં ગરીબી રેખાની નીચે જીવે છે. તે દેશની કુલ વસ્તીના ૬૦% છે. કોરોના વાયરસ રોગચાળો અને વધતા લોકડાઉનથી થતી આર્થિક અસરને કારણે, ભારતમાં ગરીબોની સંખ્યા વધીને ૯૧.૫ કરોડ થઈ જશે. આ ભારતની કુલ વસ્તીના ૬૮ ટકા જેટલું હશે. દેશમાં ગરીબોની સંખ્યાને લઈને એક દાયકા પહેલા જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ ફરી સામે આવશે. બીજા શબ્દોમાં કહીએ તો, ગત વર્ષોમાં ગરીબી ઘટાડવા ભારત સરકારે લીધેલા તમામ પગલા નિરર્થક બની રહેશે.

વિશ્વ બેંકે આવકના આધારે વિશ્વના દેશોને ચાર કેટેગરીમાં વહેંચી દીધા છે. આ દેશોમાં, ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે ત્રણ ધોરણ નક્કી કરવામાં આવ્યા છે.

લોઅર મિડલ આવક જૂથ: એવા દેશોમાં કે જ્યાં માથાદીઠ વાર્ષિક રાષ્ટ્રીય આવક ૧૦૨૬થી ૩૯૯૫ ડોલર (રૂ. ૭૮,૪૩૮થી રૂ. ૩ લાખ) ની હોય છે. ભારત પણ આ કેટેગરીમાં સમાવિષ્ટ છે. રોજના ૩.૨ ડોલર (વાર્ષિક ૭૮ હજાર રૂપિયા)ની કમાણી કરનારાઓને ગરીબી રેખાની નીચે ગણવામાં આવે છે.

ઉચ્ચ મધ્યમ આવક જૂથ: આ કેટેગરીમાં ૩૯૯૬થી ૧૨,૩૭૫ ડોલરની સરેરાશ માથાદીઠ આવક ધરાવતા દેશોને શામેલ કરવામાં આવ્યા છે. આ દેશોમાં ૫.૫ ડોલર કે તેથી ઓછી કમાણી કરનારાઓને ગરીબી રેખાની નીચે ગણવામાં આવે છે.

ઉચ્ચ આવક જૂથ: આ કેટેગરીમાં ૧૩,૩૭૫ ડોલર કરતા વધુની માથાદીઠ આવક ધરાવતા દેશોને શામેલ કરવામાં આવ્યા છે. આ દેશોમાં ગરીબી રેખા નીચેના લોકો માટે કોઈ ધોરણો નિર્ધારિત નથી. એટલે કે, આ દેશોમાં કોઈ વ્યક્તિ ગરીબ નથી.

ઓછી આવક જૂથો: માથાદીઠ ૧૦૨૬ ડોલર કરતા ઓછી વાર્ષિક આવકવાળા દેશો શામેલ છે. આ દેશોમાં દરરોજ ૧.૯ કરતા ઓછા કમાતા લોકોને ગરીબી રેખાની નીચે માનવામાં આવે છે.

જો ગરીબ દેશો માટે નિર્ધારિત ગરીબીના ધોરણ દરરોજ ૧.૯ ડોલર (આશરે ૧૪૫ રૂપિયા) આવક મુજબ ચાલીએ તો, ભારતમાં કોરોના સંકટને કારણે ૧૫ લાખથી ૭.૬ કરોડ ખૂબ ગરીબ વર્ગમાં શામેલ થશે. ભારતમાં માથાદીઠ વાર્ષિક આવક ૨૦૨૦ ડોલર (વાર્ષિક રૂ. ૧.૫ લાખ) છે. દેશની

કુલ વસ્તીમાંથી ૨૨% લોકો દરરોજ ઈ ૧.૯ કરતા ઓછા કમાય છે. અત્રે નોંધનીય છે કે ગરીબી રેખાની આવક મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના (મનરેગા) હેઠળ ચૂકવવામાં આવતા વેતન કરતા પણ ઓછી છે.UNUની સ્ટડી મુજબ વૈશ્વિક સ્તરે ગરીબીમાં વધારો અને માથાદીઠ આવકના ત્રણેય પરિમાણોના આધારે આવક અને વપરાશમાં ઘટાડો થવાનો અંદાજ છે. ઓછામાં સંશોધનકારો કહે છે કે ઓછી ખરાબ સ્થિતિમાં પણ વૈશ્વિક સ્તરે આવક અને વપરાશમાં ૨૦%નો ઘટાડો થશે. સંશોધન મુજબ, ગરીબી રેખાની નીચે ગણાતા ૩.૨ ડોલરની આવકવાળા દેશોમાં ૮% નવી વસ્તી ગરીબોમાં જોડાશે. સંશોધન મુજબ, સૌથી ખરાબ પરિસ્થિતિમાં નીચલા મધ્યમ આવકવાળા દેશોમાં ૫.૪૧ કરોડ નવા લોકો ગરીબીની રેખા નીચે આવશે. આ આર્થિક સંકટને કારણે, સમગ્ર વિશ્વમાં નવા બનેલા ૧૦ માંથી ૨ ગરીબો લોકો ભારતના હશે.

ભારતમાં કોરોનાના અત્યાર સુધીમાં ૧૪,૬૭૬ કેસ નોંધાયા - ૪૯૬ મોત

નવી દિલ્હી,તા.૧૮

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૪,૬૭૬ થઈ ગઈ છે. શનિવારે ગુજરાતમાં ૧૭૩, રાજસ્થાનમાં ૪૧, પશ્ચિમ બંગાળમાં ૩૨, આંધ્રપ્રદેશમાં ૩૧ અને મેઘાલયમાં ૨ દર્દીઓનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ પહેલા શુક્રવારે સૌથી વધારે ૨૭૩ કોરોના સંક્રમિતોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તમિલનાડુમાં એક દિવસમાં સૌથી વધારે ૧૦૩ દર્દી, ત્યારબાદ ઈન્દોરમાં ૩૫ દર્દી સ્વસ્થ થયા છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં ૩૧, હરિયાણામાં ૨૧, દિલ્હીમાં ૨૦ અને રાજસ્થાનમાં ૧૯ લોકો સ્વસ્થ થયા છે. રાજસ્થાનમાં કોરોનાનું એપિસેન્ટર રહી ચુકેલા ભીલવાડામાં તમામ દર્દી સ્વસ્થ થયા છે. ભીલવાડામાં ૨૮ કેસ આવ્યા હતા, જેમાંથી ૨નું મોત થયું છે. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકાર તરફથી મળેલી માહિતી પ્રમાણે આપવામાં આવ્યાં છે. કેન્દ્ર સરકારે કોરોનાનો ભોગ બનનાર પોસ્ટ વિભાગના કર્મચારીઓને ૧૦ લાખનું વળતર આપવાની જાહેરાત કરી હતી.

કેન્દ્રી સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાં પ્રમાણે, અલગ અલગ રાજ્યોને અત્યાર સુધી ૪ લાખ ૧૨ હજાર ૪૦૦ પીપીઈ કીટ મોકલવામાં આવી છે. સિંગાપુરથી ૨ લાખ કીટ આવવાની આશા છે. ૨૫ લાખ ૮૨ હજાર ૧૭૮ ૬-૯૫ માસ્ક અને ૪ કરોડ ૨૮ લાખ હાઈડ્રોક્સીક્લોરોક્વીન ટેબલેટ પણ મોકલવામાં આવી છે. ઝારખંડમાં રાંચીના સદર હોસ્પિટલમાં ૨ દિવસ પહેલા બાળકીને જન્મ આપનારી મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બાળકી હવે રિમ્સના આઈસોલેશન વોર્ડમાં છે. નિષ્ણાતની સલાહથી મહિલાને બાળકીને દૂધ પીવડાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ પહેલા તેને પોતાને સેનેટાઈઝ કરવું પડશે. સદર હોસ્પિટલમાં મહિલાની દેખરેખ કરનારા સ્ટાફ વાળા સ્ટાફ અને બાળકોની પણ કોરોના તપાસ કરવામાં આવશે.

કોરોના વાઈરસના કેરમાં હવે ભારતની નૌસેના પણ સપડાઈ ગઈ છે. નૌસેનાના ૨૧ સૈનિક કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. આ તમામને મુંબઈની નેવી હોસ્પિટલમાં ભરતી કરાવાયા છે. આ તમામ નૌસેનિક નેવીના જ એક નાવિકના સંપર્કમાં આવ્યા હતા. જેનો ૭મી એપ્રિલે કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. મહત્વનું છે કે હજુ સુધી નૌસેના તરફથી કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી.

૨૭ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશમાં સંક્રમણ ફેલાયું છે. કોરોના વાઈરસ અત્યાર સુધી દેશના ૨૬ રાજ્યોમાં પગ પેસારો કરી ચુક્યો છે. સાથે જ દેશના સાત કેન્દ્ર શાસિત પ્રદેશમાં પણ આ સંક્રમણ પહોંચી ચુક્યું છે. જેમાં દિલ્હી, ચંદીગઢ, આંદામાન-નિકોબાર, દાદર નગર હવેલી, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને પુડુચેરી સામેલ છે.

ઈન્દોરમાં કોરોનાનો સર્વે કરી રહેલી સ્વાસ્થ્ય વિભાગની ટીમ પર ચાકૂ વડે હુમલો કરવાની ઘટના સામે આવી છે.

તો ઉત્તરાખંડના હરિદ્વારમાં કોરોનાના ૨ નવા કેસ સાથે રાજ્યમાં દર્દીઓની સંખ્યા ૪૨ થઈ છે. પૂર્વોત્તરના રાજ્ય મેઘાલયમાં કોરોનાના વધુ ૨ પોઝિટિવ કેસ સાથે રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૦ થઈ છે.

કંપનીઓએ પ્રીપેડ પ્લાન્સની વેલીડીટી ત્રીજી મે સુધી વધારી

નવી દિલ્હી,તા.૧૮

કોરોના વાયરસના કારણે લોકડાઉન લંબાવી દેવામાં આવ્યો છે ત્યારે એરટેલ અને વોડાફોન-આઈડિયા દ્વારા તેના કરોડો યુઝર્સને મોટી રાહત આપવામાં આવી છે. બંને કંપનીઓએ પ્રીપેડ પ્લાન્સની વેલીડીટી ત્રીજી મે સુધી વધારી દીધી છે. લોકડાઉનના કારણે જે ગ્રાહકો રિચાર્જ કરાવી શકતા નથી તે લોકોને માતાએ આ સૌથી મોટી રાહત છે. બંને કંપનીઓ કોઈ જ એક્સ્ટ્રા કોસ્ટ વગર યુઝર્સને વેલીડીટીની ઓફર આપવામાં આવી છે.

વોડાફોને કહ્યું કે તે પોતાના ૯ કરોડ એવા યુઝર્સને રાહત આપવામાં આવી છે જે ઓછી આવક ધરાવે છે. જે ગ્રાહકો ફીચર ફોનનો વપરાશ કરી રહ્યા હોય તેમને આ સુવિધાનો લાભ આપવામાં આવશે. એરટેલ કંપની દ્વારા ઓછી આવક ધરાવતાં ગ્રાહકો માટે આ જ નિર્ણય લીધો છે.

એરટેલ કંપનીએ પ્રેસ રીલીઝ જાહેર કરીને કહ્યું કે લોકડાઉનના કારણે ૩ કરોડ યુઝર પોતાના પ્રીપેડ નંબર પર રીચાર્જ કરાવી શકતા નથી. એવામાં યુઝર્સને લોકો સાથે કનેક્ટ થવામાં મુશ્કેલી ના થાય તે માટે વેલીડીટી ત્રીજી મે સુધી વધારી દેવામાં આવે છે. કંપની દ્વારા આપવામાં આવેલ આ રાહતનો અર્થ થાય છે કે રિચાર્જ નહી થાય તો પણ ત્રીજી મે સુધી ઈનકમિંગ કૉલ ચાલુ જ રહેશે. આ પહેલાં જ્યારે લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે વેલી વેલીડીટીને ૧૭મી એપ્રિલ સુધી લંબાવી દેવામાં આવી હતી.

ધોરણ ૧૦-૧૨ પેપર ચેકિંગ: ટેમ્પરેચર ચેક કર્યા બાદ જ શિક્ષકોને કેન્દ્રોમાં એન્ટ્રી

અમદાવાદ,તા.૧૮

રાજ્યમાં ૧૬ એપ્રિલથી ધો.૧૦ અને ધો.૧૨ની ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી છે. જોકે, અમદાવાદમાં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરીમાં જોડાનાર શિક્ષકોના પાસ તૈયાર થયા ન હોવાથી આ કામગીરીનો શુક્રવારથી પ્રારંભ થયો હતો. અમદાવાદ શહેરના ૧૨ અને અમદાવાદ ગ્રામ્યના ૧૭ મૂલ્યાંકન કેન્દ્રો પર શુક્રવાર સવારથી મૂલ્યાંકન શરૂ થયું હતું. જેમાં ૩૨૦૦ શિક્ષકો જોડાયા હોવાનું જાણવા મળે છે. તમામ મૂલ્યાંકન કેન્દ્રો પર થર્મલગનની મદદથી શિક્ષકોનું ટેમ્પરેચર ચેક કર્યા બાદ જ મૂલ્યાંકન કેન્દ્રમાં પ્રવેસ અપાયો હતો. ઉપરાંત કેન્દ્રમાં પણ સોસ્યલ ડિસ્ટન્સિંગનું પાલન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી હતી. શિક્ષણ બોર્ડની ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા ૨૧ માર્ચના રોજ પૂર્ણ થઈ તે પહેલા જ ઉત્તરવહી મૂલ્યાંકન શરૂ કરી દેવાયું હતું. પરંતુ લોકડાઉનના પગલે ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી અચોક્કસ મુદ્દત માટે સ્થગિત કરવામાં આવી હતી. ત્યાર બાદ રાજ્ય સરકાર દ્વારા ૧૬ એપ્રિલથી ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવાની જાહેરાત કરાઈ હતી. જે મુજબ રાજ્યમાં મૂલ્યાંકનની કામગીરી શરૂ થઈ હતી. પરંતુ અમદાવાદ જિલ્લામાં મૂલ્યાંકન માટે જોડાનારા શિક્ષકોના પાસ તૈયાર થયા ન હોવાથી આ કામગીરીનો શુક્રવાર સવારથી પ્રારંભ થયો છે. અમદાવાદ શહેરમાં શુક્રવારથી ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી છે. શહેરમાં ૧૨ મૂલ્યાંકન કેન્દ્રો પર ૧૫૦૦ શિક્ષકો દ્વારા મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે. તમામ શિક્ષકોનું બોડી ટેમ્પરેચર ચેક કર્યા બાદ જ તેમને મૂલ્યાંકન કેન્દ્રો પર જવા દેવાયા હતા.અમદાવાદ શહેરમાં ૧૨ પૈકી ૬ કેન્દ્રો પર ધો.૧૨ સાયન્સની ઉત્તરવહીઓની ચકાસણી થશે. જ્યારે ૪ કેન્દ્રો પર ધો.૧૨ સામાન્ય પ્રવાહની ઉત્તરવહીઓની ચકાસણી કરવામાં આવશે. જ્યારે ૨ મૂલ્યાંકન કેન્દ્રો પર ધો.૧૦ની ઉત્તરવહીઓની તપાસ થશે. ૧૬મી એપ્રિલથી ધો.૧૦ અને ૧૨ની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન પણ શરૂ થઈ ગયું છે.

લૉકડાઉનમાં જપ્ત થયેલા વાહનો ફીમાં પરત આપવાની માંગ સાથે ધાનાણીનો સીએમને પત્ર

ગાંધીનગર,તા.૧૮

સમગ્ર વિશ્વ, દેશ અને રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ ફેલાયેલો છે, આ વાયરસને ભારતમાં ફેલાતો અટકાવવા માટે ૨૫ માર્ચ, ૨૦૨૦થી લોકડાઉન જાહેર કરવામાં આવેલ છે. લોકડાઉનના સમયગાળા દરમ્યાન રાજ્યના લોકો દ્વારા અતિઆવશ્યક એવા તાકીદના કામો તથા દવાખાના અને સારવાર બાબતે નાના-મોટા વાહનોમાં હેરફેર દરમ્યાન પોલીસતંત્ર તરફથી આવા વાહનો જપ્ત કરવામાં આવેલ છે. ૧૫ એપ્રિલ સુધીમાં અંદાજે ૯૯,૪૮૭ જેટલા વાહનો પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા છે.

આ જપ્ત થયેલ વાહનો મુક્ત કરવાની સત્તા R.T.O.ને છે, પરંતુ લોકડાઉનના સમયગાળા દરમ્યાન વાહનો મુક્ત કરવાની સત્તા પોલીસ તંત્રને આપેલ છે.ત્યારે વિપક્ષના નેતા પરેશ ધાનાણી નું માનવું છે કે કોરોના વાયરસના કારણે રાજ્ય અને દેશમાં ઓચિંતાના લાદવામાં આવેલ લોકડાઉનના કારણે લોકો ખાસ કિસ્સામાં આવતાં-જતાં તેઓના વાહનો જપ્ત કરી લેવામાં આવેલ છે. વાહન માલિકો દ્વારા મોટર વ્હીકલ એક્ટને લગતો ભંગ કે ગુનો કર્યો નથી કે જેથી તેઓના વાહન જપ્ત કર્યા હોય પરંતુ લોકડાઉન દરમ્યાન અતિ આવશ્યક કામકાજે જતા તેઓના વાહનો જપ્ત કરવામાં આવેલ છે, જેથી આવા પ્રથમ વખત જપ્ત કરેલા તમામ વાહનો કોઈપણ દંડ વિના મુક્ત કરવા વિનંતી છે.લોકડાઉન દરમ્યાન જે વાહનો પકડાયા છે તે મોટાભાગે સાવ ગરીબ અને મધ્યમ વર્ગના નાના માણસોના છે કે જેઓ રોજેરોજનું કમાઈને ખાનાર લોકો છે. કોરોના વાયરસના કારણે હાલ સમગ્ર રાજ્ય માં લગભગ તમામ પ્રકારના ધંધા-રોજગાર બંધ છે, ત્યારે આવા કપરા કાળમાં ભરવાની થતી મોટી દંડની રકમ તેઓ ભરી શકે તેમ નથી. પ્રથમ વખતની ભુલ બદલ કોઈપણ દંડ વિના વાહનો મુક્ત કરવા જોઈએ અને ભવિષ્યમાં બીજીવાર ભુલ કરે તો ડબલ દંડની જોગવાઈ કરી એ મુજબ દંડની રકમ વસુલ કરવી જોઈએ. આ ઉદ્યોગોને છૂટઆથી, રાજ્યની ગરીબ અને મધ્યમવર્ગની પ્રજા પ્રત્યે સહાનુભૂતિ દાખવી, રાજ્યમાં લોકડાઉનના સમયગાળા દરમ્યાન જપ્ત કરેલ તમામ પ્રકારના વાહનો, અજાણતા થયેલ પ્રથમ વખતની ભુલ માફ કરી, કોઈપણ પ્રકારનો દંડ વસુલ્યા વિના તાત્કાલિક મુક્ત કરવા મુખ્ય મંત્રી વિજય રૂપાણી ને પત્ર લખી ભલામણ કરી છે.

કોરોના: રાજકોટ-સાબરકાંઠામાં વધુ ૧-૧ પોઝિટીવ કેસ નોંધાયા, કુલ આંકડો ૧૨૫૦ને પાર

ગાંધીનગર,તા.૧૮

રાજ્યમાં કોરોના વાયરસનું એપીસેન્ટર બનેલું અમદાવાદ હવે ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે, તો બીજી બાજુ રાજ્યના બીજા મોટા શહેરો પણ હવે કોરોનાની ઝપેટમાં ઝડપમાં આવી રહ્યા છે. ગુજરાતમાં કોરોનાના કેસ ૧૨૭૨ને પાર થઇ ચૂક્યા છે.

રાજકોટમાં વધુ એક પોઝિટિવ કેસ નોંધાતા રાજ્યના કુલ ૧૨૭૨ કેસમાંથી ૮૨ ટકા કેસ માત્ર ૩ શહેરમાં નોંધાયા હોવાની હકીકત સામે આવી છે. આજે રાજકોટમાં વધુ એક કેસ પોઝિટિવ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. રાજકોટનો જંગલેશ્વર એરિયામાં આવેલી અંકુર સોસાયટીમાં એક પુરુષને કોરોના પોઝિટીવ આવ્યો છે. આ ૪૭ વર્ષીય પુરુષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા વિસ્તારમાં ડરનો માહોલ બન્યો છે. આ સાથે જ હવે રાજકોટમાં અત્યાર સુધી કુલ ૩૧ કેસ નોંધાઈ ચૂક્યા છે.

ગુજરાતના ૩૩ જિલ્લામાંથી ૮ જિલ્લા હવે એવા બાકી રહ્યા છે, જયાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. એટલે કે કેસ વધ્યા જરૂર છે પણ કોરોનાને મર્યાદિત વિસ્તારમાં રોકી પણ લેવાયો છે. સાબરકાંઠાના પ્રાંતિજમાં કોરોનાનો કેસ નોંધાયો છે. સાબરકાંઠાના મોયદ ગામની મહિલાને કોરોના પોઝિટીવ આવ્યો છે. આ મહિલાની ઉંમર ૩૪ વર્ષીય છે અને હાલ તે હિંમતનગર હોસ્પિટલમાં દાખલ છે.

ગુજરાતમાં કોરોનાના પગલે હાલ ૨૨ લાખ વિદ્યાર્થીઓ સ્ટડી ફ્રોમ હોમ કરશે

ગાંધીનગર,તા.૧૮

કોવીડ૧૯ની પરિસ્થિતિ વચ્ચે પ્રાથમિક શાળાઓમાં તથા ઉચ્ચ સમગ્ર રાજ્યમાં શિક્ષણ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ઘરે બેઠા જ સોશિયલ મીડિયાના માધ્યમથી જળવાઈ રહે તે માટે શિક્ષણ વિભાગે કરેલા પ્રયાસોને ખુબ સફળતા મળી છે. ખાસ કરીને, પ્રાથમિક શિક્ષણમાં ધો. ૩થી ૯નાં અંદાજે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ સુધી સોશિયલ મીડિયાના માધ્યમ ઉપરાંત માઈક્રો સોફ્ટનાં માધ્યમથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને શૈક્ષણિક સામગ્રી પહોંચાડવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ ઘરે બેઠા જ આ શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ કરી રહ્યા છે. આમ, આ પ્રકારનાં પ્રયાસોના કારણે વિદ્યાર્થીઓનો શૈક્ષણિક અભ્યાસ ચાલુ રહેતા આગામી શૈક્ષણિક વર્ષમાં આગળના ધોરણમાં વિદ્યાર્થીઓને ખૂબ જ સરળતા રહેશે. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તથા શિક્ષણ રાજ્ય મંત્રી વિભાવરીબેન દવેએ ગાંધીનગરથી માઈક્રોસોફ્ટ ટીમ્સનાં નેટવર્ક દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના તમામ જીલ્લાઓના ડીપીઈઓ, ડીઈઓ, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય બીઆરસી, સીઆરસી તથા ખાનગી શાળાના સંચાલકઓ સાથે સંપર્ક કરીને વર્તમાન પડકારરૂપ પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રક્રિયા ઘરે બેઠા પણ જળવાઈ રહે તે માટે થઇ રહેલા પ્રયાસોની અને જીલ્લા કક્ષાએ થઈ રહેલા કાર્યની વિસ્તૃત સમીક્ષા પણ કરી હતી. મોટાભાગના જિલ્લાઓમાંથી મળેલા અહેવાલો મુજબ આટલા ટૂંકા દિવસોમાં પણ ૪૦% થી મહતમ ૮૦% સુધીના વિસ્તારોમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી પહોંચાડવામાં આવી છે. સાથોસાથ તેનો ઉપયોગ પણ થઇ રહ્યો છે બાકી રહેતા વિસ્તારોને પણ આવરી લેવાશે.શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ સફળ કામગીરી બદલ તમામને અભિનંદન અપાતા જણાવ્યું હતું કે, ખુબ જ કપરા અને પડકારરૂપ સમય વચ્ચે પણ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય સોશિયલ મીડિયાના માધ્યમથી જળવાઈ રહે તે માટે જે કાર્ય થઇ રહ્યું છે તે ખુબ જ પ્રશંસનીય છે. તેમણે જણાવ્યું હતું કે, કોરોનાના કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય જળવાઈ રહે તે માટે ભારત સરકારે કેટલીક માર્ગદર્શિકાઓ નક્કી કરીને દેશના તમામ રાજ્યોને પહોંચાડી છે. ત્યારે ગુજરાત માટે આનંદ અને ગૌરવનો વિષય એ છે કે, રાજ્ય સરકારનાં શિક્ષણ વિભાગે આજથી ત્રણ અઠવાડીયા પહેલા આ કામગીરી શરુ કરી દીધી છે. જે આજે સફળતાપૂર્વક સમગ્ર રાજ્યમાં ચાલી રહી છે. ધો ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ પણ ગુજરાતમાં ખુબ સફળતાપૂર્વક આ વિપરીત પરિસ્થિતિમાં પૂર્ણ કરી શકાઈ છે, એટલું જ નહિ પરંતુ ૧૬મી એપ્રિલથી ધો ૧૦ અને ૧૨ની ઉતરવહીઓનું મૂલ્યાંકન પણ શરુ થઈ ગયું છે. રાજ્યનાં ૨૦૮ કેન્દ્રો પર ૧૨,૩૧૦ શિક્ષકો દ્વારા ઉત્તરવહીઓની તપાસવાની કામગીરી ચાલુ થઈ ગઈ છે.

સ્ટડી ફ્રોમ હોમ અંતર્ગત રાજ્યનાં ધો ૩થી ૯ ના રાજ્યના ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને ગુજરાતી, અંગ્રેજી, ગણિત વિષયનું વીકલી લર્નિંગ મટીરીયલ પહ